ત્રણ ખેલાડીઓને સસ્પેન્ડ કરવાના મામલે પાક. ક્રિકેટ બોર્ડ આઇ. સી. સી. સામે ખટલો માંડશે

લંડન, કરાચી, તા. ૪ (પીટીઆઇ): મેચ ફિક્સિંગના શકમંદ ત્રણ પાકિસ્તાની ખેલાડીઓને સસ્પેન્ડ કરવાના આઇ. સી. સી.ના નિર્ણય સામે પાકિસ્તાની ક્રિકેટ બોર્ડે જો ત્રણેય ખેલાડીઓ નિર્દોષ ઠરશે તો પાક. બોર્ડ આઇ. સી. સી. સામે કેસ કરશે. જો કે તેનાથી વિપરીત યુનાઇટેડ નેશન ખાતેના પાકિસ્તાનનાં પ્રતિનિધિ અબ્દુલાહ હારૂને કૌભાંડમાં જેમના નામ સંડોવાયેલા છે તેને સજા થવી જોઇએ એમ જણાવ્યું છે.

ગઇકાલે સ્કોટલૅન્ડ યાર્ડ પોલીસે પાક. કેપ્ટન સલમાન બટ્ટ, મો. આસીફ અને મો. આમીરની પૂછપરછ બાદ આઇ. સી. સી.એ ત્રણેય ખેલાડીઓને સસ્પેન્ડ કરી દીધા હતા. જો કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વકીલ તાલીબ રીઝવીએ ખેલાડીઓ નિર્દોષ કરશે તો પી.સી.બી. આઇ. સી. સી. સામે કાનૂની પગલાં ભરશે.

આઇ. સી. સી. અને અન્ય સંલગ્ન સંગઠનોએ એમને પોતે નક્કી કરેલી કાર્ય પધ્ધતિથી ઉપરવટ જઇ અમારા ખેલાડીઓને સસ્પેન્ડ કર્યા છે, જો અમારા ખેલાડીઓ નિર્દોષ જણાશે તો પી.સી.બી. સામે કાનૂની કાર્યવાહી કરશે એ માટે સ્પષ્ટ કહેવુ પડે છે એમ પી.સી.બી.ના વકીલ તાલીબ રીઝવીએ જણાવ્યું હતું.

રીઝવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હાલની ક્ષણે ત્રણેય ખેલાડીઓ સામે ફોજદારી તપાસ નથી કરાઇ, કોઇ પણ પ્રકારના આરોપ વગર પોલીસે પૂછપરછ કરીને ત્રણેયને મૂકત કર્યા છે. આ માત્ર પ્રાથમિક તપાસ છે એનાથી વિશેષ કંઇ નથી એમ વધુમાં તેમણે જણાવ્યું હતું.

બ્રિટન સ્થિત પાકિસ્તાનના રાજદૂત વાજીદ સમતુલ હસન આઇ. સી. સી. ઉપર સસ્પેન્ડ કરવા સામે હુમલો કરી રહ્યા છે જયારે વિશ્વ સંઘના પાક. પ્રતિનિધિ અબ્દુલા હારૂન દોષીઓને સજા કરવાની હિમાયત કરી રહ્યા છે.

આમીર- બટ્ટને 'વર્ષના ઉભરતા ખેલાડી'ના વાર્ષિક એવોર્ડના નામ દૂર કરવા સામે હસને આઇ. સી. સી. પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે જયાં સુધી આરોપ પુરવારના થાય ત્યાં સુધી આમીર નિર્દોષ છે જણાવી તેનું નામ રદ કરવા સામે વિરોધ કર્યો હતો. આઇ. સી. સી.નું પગલું પોતાની જાતને બચાવવા દ્વેષયુકત હોવાનું જણાવ્યું છે. જો કે સંયુકત રાષ્ટ્ર સંઘના પાકિસ્તાની રાજદૂત હારૂને અવિચારી અને આવેગમાં જો યુવા ખેલાડીઓ દોષી જણાય કે તેમને તગેડી મૂકવા જોઇએ.

પાક. નાં બ્રિટન ખાતેના હાઇકમિશનરને પણ હવે 'કાવતરાં'ની ગંધ આવે છે

લંડન, તા. ૪: ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) પર ટીકાઓ દ્વારા હુમલો કરતા બ્રિટન ખાતેના પાકિસ્તાનના હાઇકમિશનર વાજીદ શમ્સુલ હસને કહ્યું હતું કે, વાર્ષિક એવોર્ડ મેળવનારાઓની સંભવિતોની યાદીમાંથી મોહમ્મદ આમીરનું નામ આઇસીસી દ્વારા રદ કરવામાં આવ્યું તેથી મારી માન્યતા મજબૂત બની છે કે આ આખું પાકિસ્તાન વિરુધ્ધનું ષડયંત્ર છે.

ગઇ કાલે રાત્રે અહીં એક નિવેદન બહાર પાડીને હસને કહ્યું હતું કે, આઇસીસીના 'ઇમર્જિંગ પ્લેયર ઓફ ધ યર'ના નોમિનીઓની યાદીમાંથી આમીરનું નામ રદ કરવામાં આવ્યું તે 'ગુનેગાર સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ' ગણવાના સિધ્ધાંતના ભંગ સમાન છે.

જો કે આઇસીસી દ્વારા પાક.ના ત્રણ ખેલાડીઓને એકતરફી રીતે, આપખુદ-શાહીથી અને આઘાતજનક રીતે સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ હવે આઇસીસી કંઇજ્ઞ પણ કરે તેની મને નવાઇ નથી રહી, એમ કાવતરું કાવતરું પોકારતા પાકિસ્તાનના વાજિંત્રોમાંના આ એક હસન નામના વાજિંત્ર દ્વારા કહેવામાં આવ્યું હતું. પાકિસ્તાનના આ રાજદ્વારી નમ્ર ભાષાનો પ્રયોગ ભૂલી ગયા હતા અને આઇસીસીના કદમને બદઇરાદાભર્યુંઅને શૈતાની ગણાવ્યું હતું.

આમીરનું નામ આઇસીસી એવોર્ડના દાવેદારોમાંથી પડતું મુકાયું તેથી હસન ખફા થયાઃ આઇસીસીના પગલાને બદઇરાદાભર્યું અને શૈતાની ગણાવ્યું

સાએનાએ પ્રથમ CWGની તૈયારીની ટીકા કરી અપસેટ સર્જ્યો અને પછી પોતે જ અપસેટ થઇ

નવી દિલ્હી, તા.૪: ભારતની પ્રથમ ક્રમાંકની બેડમિંટન પ્લેયર અને દિલ્હી ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેઇમ્સની બ્રાન્ડ એમ્બેસેડર સાએના નેહવાલે આજે કોમનવેલ્થ ગેઇમ્સની તૈયારીઓ વિશે પ્રથમ ટીકાઓ કરી અને પાછળથી ટીકાઓ કરવા બદલ માફી માગી લીધી હતી.

સાએનાએ કહ્યું હતું કે, અગાઉના નિવેદન માટે હું દિલગીર છું. મને લાગે છે કે એ ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું. મને લાગે છે કે હું દિલ્હી જઇશ ત્યાં સુધીમાં બધું સરખું થઇ જશે.

આપણે આ મહોત્સવના યજમાન એટલા માટે છીએ કે આપણે તે યોજી શકીએ તેમ છીએ. ભારતમાં આ રમતોત્સવ યોજાઇ રહ્યો છે તેને ખૂબ સફળતા મળશે.

બ્રાન્ડ એમ્બેસેડરે માફી માંગવી પડી

ત્યાર બાદ સાએનાએ બેડમિંટન જયાં રમાવાની છે તે સ્થળના પણ ભરપેટ વખાણ કર્યા હતા.

સાએનાના નિવેદનમાં આ ઉલટફેર કેમ થયો? અગાઉ વેન્યુ જોઇને અપસેટ થઇ ગયેલી સાએનાને ફરી પાછી કોણે અપસેટ કરી? એ તો એને બ્રાન્ડ એમ્બેસેડર રાખનારા લોકો જ કહી શકશે, પણ સાએનાએ આ સ્ટેડિયમ વિશે દિવસના મધ્ય ભાગે શું કહ્યું હતું તે હવે જોઇએ.

મુદ્દાસરની અને સ્પષ્ટ ટીપ્પણી માટે જાણીતી સાયેના નેહવાલેએ આગામી કોમનવેલ્થ રમતો માટે તૈયાર કરાયેલા સ્ટેડિયમો ગુણવત્તા સભર ન હોવાનું જણાવ્યું હતું.

દિલ્હી કોમનવેલ્થ ગેમ્સના એક બ્રાન્ડ એમ્બેસેડોર તરીકે નિયુક્ત કરાયેલી સાયેનાએ જણાવ્યું હતું કે દેશ હજી આવા ઇવેન્ટનું યજમાન પદ સંભાળી શકવાની સ્થિતિમાં નથી.

કોમનવેલ્થ રમતો માટે તૈયાર કરાયેલા સ્ટેડિયમોની સ્થિતિ જોતા મને ખરેખર એમ લાગતું નથી કે આવી મોટી ટુર્નામેન્ટો યોજી શકવા આપણે સક્ષમ છીએ.

મે મેલબોર્ન (૨૦૦૬)ની કોમનવેલ્થ ગેમ્સ જોઇ છે. બીઇજીંગની ૨૦૦૮ની ઓલિમ્પિક્સ ગેઇમ્સ જોઇ છે. તેની સરખામણી કરીએ તો આપણી સજ્જતા અધૂરી છે તેમ સાએનાએ આજે પત્રકારોને જણાવ્યું હતું.

નાદાલ અને વિનસ યુ. એસ. ઓપનમાં આગળ વધ્યા

વિનસે મેન્ડીને હરાવીઃ નાદાલે ઇસ્ટોમીનને હરાવ્યો

ન્યૂયોર્ક, તા. ૪ (એપી): શુક્રવારની રાત્રે યુ. એસ. ઓપન સ્પર્ધામાં વિનસ વિલિયમ્સ અને રાફેલ નાદાલે એવી રમત દર્શાવી હતી, જાણે કે તેઓ કોઇ મિશન પર કામ કરી રહ્યા હોય. વિનસ રમતમાં કાળો ચમકાર લઇને આવી હતી અને નાદાલ એક મજબુત મનોબળ લઇને આવ્યો હતો. નાદાલ એક ઝંઝાવાતી હરિકેન તોફાન હતો તો વિનસ જાણે કે સાંજે ઘરે જઇને કોકટેલનો આનંદ માણવા માટે ઉતાવળી હોય તેમ રમી હતી. વિનસે કાળો સિકવીન્ડ ડ્રેસ પહેર્યો હતો જે એણે ન્યુયોર્કરો માટે ખાસ તૈયાર કર્યો હતો. ત્રીજા ક્રમાંકની વિલિયમ્સે લક્સમ બર્ગની મેડી નીમેલાને ૬-૨, ૬-૧થી હાર આપી હતી.

નાદાલે પણ કાળા વસ્ત્રો ધારણ કર્યા હતા. પગથી માથા સુધી. ટોપનું ક્રમાંક ધરાવતો નાદાલે ડેનિસ ઇસ્ટોમીનના મજબુત શોટનો સામનો કર્યો હતો અને ૬-૨, ૭-૬ (૫) અને ૭-૫થી મેચ જીતી લીધી હતી.

રોજર ફેડરર યુ. એસ. ઓપનમાં કસોટીમાં મુકાશે

ન્યુયોર્ક, તા. ૪: યુએસ ઓપનમાં સતત પાંચવખત વિજેતા રોજર ફેડરર છઠ્ઠી વખત વિજયી બનવા એના હરીફ ખેલાડીઓ પાસેથી પ્રેરણા મેળવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. પુરુષ ખેલાડીઓમાં ફેડરર જ એક માત્ર એવો ખેલાડી છે કે તેણે રમતમાં એના હરીફો પર પ્રભુત્વ જાળવી રાખ્યું છે. જો કે ફેડરરે જણાવ્યું હતું કે, મને એડવોન્ટેજ છે પરંતુ હું મેચ પોઇન્ટ બચાવી શકતો નથી, મારે એ માટે સખત મહેનત કરવાની જરૂર છે. ફેડરર એમના નજીકના હરીફ પોલ હેનરી મેથ્યુસ સામે શનિવારે આર્થર એશ સ્ટેડિયમમાં ટકરાશે. આ અગાઉ તેઓ એકબીજા સામે રમ્યા છે અને દરેક વખતે ફેડરરની જીત થઇ છે. સર્બિયાનો નોવેક ડોઝોવિક ૨૦૦૭ની યુએસ ઓપન ફેડરર સામે હારી ગયો હતો પરંતુ એ પણ શનિવારે સેન્ટર કોર્ટમાં રમવાનો છે.

અમેરિકાનો જેમ્સ બ્લેક ફકત પૂર્વે દસમાં આવતો ખેલાડી છે પરંતુ તે લોકોને આકર્ષી શકતો ખેલાડી છે. ડોઝોવિક માટે ખરેખર મહેનત કરવી પડે તેમ છે.

આજનું પંચાંગ

ભારતીય દિનાંક:૧૪
માસઃ શ્રાવણ તિથિ:વદ-૧૨
સંવતઃ૨૦૬૬
શકસંવતઃ ૧૯૩૨ વારઃરવિ
તારીખઃ ૫-૯-૨૦૧૦
પારસીઃ ૧૩૮૦ ફરવરદીનઃ૧૮
હિજરી:૧૪૩૧ રમજાન :૨૫
સુરત સૂર્યોદયઃસવારે ૬ ક. ૨૪ મિ.
સુરત સૂર્યાસ્તઃ સાંજે ૬ ક. ૫૦ મિ.
નક્ષત્રઃ પુનર્વસુ સવારે ૧૦ક. ૫૩મિ. સુધી પછી પુષ્ય યોગઃ વરિયાન
કરણઃકૌલવ આજની રાશિઃકર્ક
દિવસઃ સામાન્ય અયનઃ દક્ષિણાયણ

આપની આજ

દક્ષા બધેકા

મેષ (અ-લ-ઈ): દરેક બાબતે વધુ પડતાં ચિંતિત રહો. કાર્યક્ષેત્રે ઉતાવળા ન થવું. જીવનસાથી/ ભાગીદારથી લાભ થાય. શુભ-ધાર્મિક કાર્ય પાછળ ધનખર્ચ કરો.

વૃષભ (બ-વ-ઉ): બાહ્ય આનંદ/ આંતરિક હતાષા અનુભવો. કાર્યક્ષેત્રે મહત્ત્વની તક સાંપડે. જીવનસાથી સાથે મતભેદ નિવારવા. નકારાત્મક વલણ નિવારવું.

મિથુન (ક-છ-ઘ): કૌટુંબિક/ નાણાકિય બાબતે આશાવાદી બનો. સ્વાસ્થ્ય સુખાકારી સારી રહે. કાર્યક્ષેત્રે પ્રયત્નોમાં ઇચ્છિત સફળતા સાંપડે.

કર્ક (ડ-હ) સ્વાસ્થ્યસંબંધી ફરિયાદ દૂર થાય. કાર્યક્ષેત્રે ઉતાવળા થઇ નિર્ણય ન લેવા. જીવનસાથી/ ભાગીદાર માટે પ્રગતિકારક દિવસ નિવડે.

સિંહ (મ-ટ): મોટાભાગનો દિવસ વિચારો ને વિચારોમાં જ પસાર થાય. કાર્યક્ષેત્રે ધીરજ રાખવી જરૂરી બને. જીવનસાથી માટે વ્યકિતગત પ્રતિકૂળ દિવસ નિવડે.

કન્યાઃ (પ-ઠ-ણ): લાભની આશા ફળે મિત્રો/ સ્વજનોનો અપેક્ષા મુજબ સહકાર સાંપડે. જીવનસાથી-ભાગીદારથી લાભ થાય. ધાર્યું જલ્દી થાય.

તુલાઃ (ર-ત): લાગણીના આવેશમાં આવી કોઇ નિર્ણય ન લેવા. કાર્યક્ષેત્રે નકારાત્મક વલણ દૂર થાય. ધાર્યા કામ વિલંબે પાર પડે.

વૃશ્ચિક (ન-ય): ગુસ્સામાં વધારો થાય. કાર્યક્ષેત્રે ઉપરી વર્ગનો ઇચ્છિત સહકાર સાંપડે. જીવનસાથી/ ભાગીદાર માટે લાભપ્રદ દિવસ નિવડે.

ધન (ભ-ફ-ધ): કાર્યારંભ ન કરવો. માનસિક અસ્વસ્થતા ઘણી બાબતોમાં અનુભવો. કાર્યક્ષેત્રે વિશેષ પ્રયત્નો અનિવાર્ય બને.

મકર (ખ-જ.): નકારાત્મક વલણને કારણે બીજાનો સહકાર ગુમાવો. માનસિક અસ્વસ્થતા દૂર થાય. એકંદરે સાનુકૂળ દિવસ નિવડે.

કુંભ (ગ-શ-ષ-સ): શરદી-ઉધરસની ફરિયાદ રહે. સાચુ કહેનાર શત્રુ લાગે. કોઇપણ બાબતે વધુ પડતાં ઉતાવળા થઇ જાવ.

મીન (દ-ચ-ઝ-થ): કાર્યક્ષેત્રે ધીરજના ફળ મીઠા મળે. સ્વાસ્થ્ય મધ્યમ રહે. જીવનસાથી/ ભાગીદારથી લાભ થાય. ગુસ્સો વધે.

કોઇ પણ સાલમાં ૫ સપ્ટેમ્બરે જન્મેલાનું ફળ

કોઈ પણ વર્ષમાં ૫ સપ્ટેમ્બરે જન્મેલી વ્યકિત સ્વમાની, સ્વાભિમાની, લાગણીશીલ, સુક્ષ્મબુદ્ધિશાળી, વ્યવહારુ, ગુસ્સાવાળી, જીદ્દી- જકકી, ન્યાયપ્રિય, સામેની વ્યકિતને નખશીખ ઓળખી શકનારી, ઝડપી, ઉતાવળી, મહત્વાકાંક્ષી, બુધ્ધિપૂર્વકનું સાહસ કરનારી હોય છે. આ વર્ષ દરમ્યાન ૫ સપ્ટેમ્બરે જન્મેલી વ્યકિતને કાર્યક્ષેત્રે ઘણા સમયથી ન થતાં કાર્ય થાય. આર્થિક દ્દષ્ટિએ વર્ષ ઘણું જ લાભપ્રદ નિવડે. સ્વાસ્થ્યસંબંધી કેટલીક ફરિયાદ આ વર્ષમાં રહે. કૌટુંબિક બાબતે અપેક્ષા કરતાં વધુ સાનુકૂળતા રહે. કોઇપણ મહિનાની ૫, ૧૪, ૨૩ તારીખો તેમજ બુધવાર ૫ સપ્ટેમ્બરે જન્મેલી વ્યકિત માટે શુભ.

બિફોર ધ બેડ ટી

સુનીલ ગાવસ્કર

ક્રિકેટરને એનો એજન્ટ તારી કે ડૂબાડી શકે

મહેન્દ્રસિંહ ધોનીએ પોતાનાં વેપારી હિતો અને એન્ડોર્સમેન્ટ (જાહેર ખબરોમાં મોડેલિંગ વગેરે)નો કારોબાર પોતાનાં મિત્રો સ્થાપેલી કંપનીને સોંપ્યો ત્યારે ધોનીએ ચતુરાઇ દાખવી હતી. જો ધોનીનાં મિત્રો એના ખરેખર સાચા મિત્રો હશે અને ધોનીનાં વહેવારોમાંથી મલાઇ ખાવા નહીં માંગતા હોય તો આવા ડીલીંગમાં જે ભયજનક સ્થાનો રહેલાં છે તેનાંથી ધોની બચી જશે. અન્યથા થતું એવું હોય છે કે આવી એજન્સીઓ સોનું બતાવીને ખેલાડીઓને પિતળનાં બનાવી દેતી હોય છે.

'માહી' એક ચતુર ઇન્સાન છે અને અત્યાર સુધીમાં એણે જોઇ લીધું છે કે ક્રિકેટની દુનિયામાં ખેલાડી અને ખેલાડીનાં આસપાસનાં લોકો સાથે શું શું થતું હોય છે. આ ડીલથી એક મોટા ફાયદો ધોનીને એ થશે કે તાણ અને ત્રાસ આપતા લોકોથી દુર રહીને ભારત માટે વિશ્વ કપ જીતી લાવવા પર એ સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

એજન્સીઓ એન્ડોર્સમેન્ટ મેળવવા માટે પ્રતિસ્પર્ધી એજન્સી વિશે ખેલાડીનાં મગજમાં કંઇકને કંઇક ખરાબ ઇસાવવાનાં પ્રયત્નોમાં જ હોય છે. જેમ કે હરીફ એજન્સીનાં માણસો જળો જેવા છે, જે તમારું જ લોહી ચૂસી જશે. તમારા ભોગે તેઓ પૈસાદાર થવા માંગે છે વગેરે વગેરે. ધોનીએ આ બધી આફતોનો સામનો કરવાની ઘડી હવે નહીં આવે.

ત્યાં સુધી કે અમારી કંપની ધોની સાથે કરાર કરવા માંગતી હતી પણ એને વહેલું જ સમજાઇ ગયું કે ભારતીય ટીમનાં આ કપ્તાન માટે વિશ્વાસ એક મહત્ત્વનું પાસું છે અને અગાઉનાં અનુભવોને કારણે ધોની એવા લોકો સાથે ડીલ કરવા માંગતો હતો જેને એ ઓળખતો હોય, નહીંકે એવા લોકો જોડે જેને એ બીલકુલ ઓળખતો ના હોય. અને એવું જ બન્યું.

તમામ ખેલાડીઓ મેનેજરો અથવા એજન્ટો રાખે છે, જેઓ ખેલાડીનાં વેપારી હિતોનું વહેવારોનું તેમ જ એન્ડોર્સમેન્ટ માટેની તકોનું ધ્યાન રાખે છે. બંને પક્ષો માટે સારા બિઝનેસમાં પરિણામે એવો એક સુમેળ સ્થાપવા તેઓ પ્રયત્ન કરતાં હોય છે.

આવા મેનેજરો અથવા એજન્ટોએ એમના કલાયન્ટ અથવા ખેલાડીનો પ્રતિભા અને સિદ્ધિથી ડરી જવું ન જોઇએ. એજન્ટ એટલો આત્મવિશ્વાસ ધરાવતો હોવો જોઇએ કે તે ખેલાડીને માટે સારું શું છે અને ખરાબ શું છે તે ખેલાડીને સ્પષ્ટપણે કહી શકે. કલાયન્ટ અથવા ખેલાડીની કારકીર્દિને અસર કરે એવા લોકોથી ખેલાડી દુર રહે એ પણ એજન્ટે જોવું જોઇએ.

ખેલાડીને પણ શ્રદ્ધા હોવી જોઇએ કે મેનેજર એવું કશું નહીં કરે જેનાથી ખેલાડીની પ્રતિષ્ઠાને બટ્ટો લાગે. આથી કોઇ સ્થળ હાજરી આપવી (સિંગલ એપીઅરન્સ), કોઇ જાહેર ખબરમાં રજુ થવું કે કોઇ પ્રોડક્ટને સારી ગણાવવી અથવા તેને એન્ડોર્સ કરવી વગેરે તમામ બાબતોની માત્ર નાણાંકીય વળતરનાં આધારે તુલના કરવાને બદલે ખેલાડીની કારકિર્દી પર તેનો કેવો પ્રભાવ પડશે એ બાબતની પણ સમીક્ષા કરવી એજન્ટ માટે જરૂરી છે. સચિન તેંડુલકરે આજે પણ દારૂ, સિગારેટ કે તમાકુ-ગુટખાની જાહેરખબરો સાથે પોતાનું નામ જોડાય એમ ઇચ્છતો નથી. કારણ કે આ દેશની યુવાન પેઢી માટે એ આદર્શ વ્યકિત છે.

માહી અને સચિન ચતુર છે, પણ સેહવાગે ભૂલ કરી હતી

આજ સુધીમાં તેંડુલકરે જે પણ જાહેરખબરો કરી તેમાં એવી સ્થિતિ ક્યારેય પેદા થઇ નથી કે જેમાં એ મુરખ અથવા અવિચારી ઠર્યો હોય. આ સચિનનાં એજન્ટોને કારણે શક્ય બન્યું છે. જેઓએ એ બાબતની હંમેશા કાળજી લીધી કે તેંડુલકર એ પ્રોડક્ટથી નીચો દેખાવાને બદલે વધુ ઊંચો દેખાય.

કમનસીબે બીજા ખેલાડીઓની બાબતમાં આવું કહી શકાય તેમ નથી. અમુક ખેલાડીઓનો અમુક બ્રાન્ડ દ્વારા 'દુરૂપયોગ કરવામાં આવ્યો છે અને ખેલાડીઓએ પોતાનો દુરૂપયોગ થવા દઇને પોતાનું જ ભલું ઇચ્છ્યું નથી એમ કહી શકાય.

વિરેન્દ્ર સેહવાગની એક જાહેર ખબર આ બાબતનું ઉદાહરણ પુરૂં પાડે છે. એક જાહેર ખબરમાં એ બોલને ફટકારીને કલાસ રૂમમાં મોકલે છે. સેહવાગ સાથે રમતો શેરીનો એક તોફાની છોકરો બુમ પાડીને સેહવાગને કહે છે, 'એ સેહવાગ, જા અને બોલ લઇ આવ.'

તમે એવી કોઇ જાહેર ખબરની કલ્પના કરી શકો છો જેમાં શેરીનો શરારતી છોકરો ગુસ્સામાં રાડ પાડીને સચિનને કહેતો હોય કે, 'એ સચિન, જા બોલ લઇ આવ.' વાસ્તવમાં સેહવાગ જેવો આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને પ્રતિભા ધરાવતો ખેલાડી પોતાની સાથે રમી રહ્યો છે એ હકીકતથી જ શેરીનાં તોફાની છોકરાને આનંદ થવો જોઇએ. ઘાંટા પાડીને સેહવાગને હુકમ કરવામાં એને જે મજા આવે છે એવી મજા જાહેરખબરમાં વ્યક્ત ન થવી જોઇએ.

અહીં આ બધું લખવા પાછળનું કારણ ઇંગ્લેન્ડમાં પાકિસ્તાની ખેલાડીઓનાં ઇવેન્ટ ફિક્સિંગનો વિવાદ છે. આ વિવાદમાં એક ખેલાડીનો એજન્ટ અખબારનાં એક સ્ટિંગ ઓપરેશનમાં ભવિષ્યનો દાવો કરે છે કે મેચમાં ક્યારે શું બનશે? જો કે ખરેખર આ એજન્ટો આ ખેલાડીઓ પર પ્રભાવ હતો કે કેમ અને ખેલાડીઓ પર એ અસર પાડી શકતો હતો કે કેમ તે વહેલું યા મોડું બહાર આવશે. અલબત્ત જયારે એક વ્યક્તિ એ બાબતથી વાકેફ ના હોય કે એની વાતચીત અને હિલચાલનું ગુપ્ત કેમેરા વડે રેકોર્ડીંગ થઇ રહ્યું છે ત્યારે બડાશ ઠોકવાની અને પોતે શું શું કરી શકે તેમ છે તેવા ગપ્પાં મારવાની લોકોમાં ટેન્ડેન્સી હોય છે અને જ્યારે કોઇ સોદો થવાની તૈયારીમાં હોય ત્યારે સામેની વ્યક્તિને આંજી નાંખવા માટે માણસ પાસે શક્તિ ન હોય તો પણ એનો એ દાવો કરતો હોય છે, જેથી સામેની પાર્ટી પાસેથી વધુ ફાયદો મેળવી શકાય. આવું માત્ર ક્રિકેટમાં જ બનતું નથી અનેક લોકો કોઇ ઉદ્યોગપતિ, ફિલ્મસ્ટાર કે કોઇ રાજકારણી સાથે પોતાને નિકટનાં સંબંધો છે તેવું દર્શાવીને પોતાનાં કામો કરતાં કરાવતાં હોય છે. જો એને ખબર હોય કે ગુપ્ત કેમેરા દ્વારા એનું રેકોર્ડીંગ થઇ રહ્યું છે તો તે એવું નહીં કરે.

જે હોય તે પણ પાકિસ્તાની એજન્ટ પર થયેલા સ્ટિંગ ઓપરેશનનાં ફૂટેજ એ બાબત માનવા પ્રેરે છે કે એ એજન્ટ સાચું જ બકી રહ્યો હતો. જો સાંયોગિક પુરાવાને લક્ષમાં રાખીને નક્કી કરવામાં આવે તો નો બોલ ઇરાદાપૂર્વક ફેંકવામાં આવ્યા હતા તે બાબતમાં ભાગ્યે જ કોઇ શંકા રહે છે. આ વિવાદનાં વાદળમાં સપડાયેલા ત્રણ ખેલાડીઓએ બાકીની ટુરમાં નહીં રમવાનું જાતે જ નક્કી કર્યું તેથી ક્રિકેટનાં ચાહકો અને સામેની ટીમ માટે એ વાત નિશ્ચિત બની કે તેઓ ક્રિકેટની પ્રોપર મેચ જોવા અથવા રમવા જઇ રહ્યા છે. જ્યાં પૈસાનાં થોકડાઓ નહીં, પણ ક્રિકેટ માટેની કુશળતા અને એકાગ્રતા જ પરિણામ નક્કી કરશે.

મોહમ્મદ આમીરની ઉંમરને કારણે આમીર માટે ઘણાં લોકોને ખુબ સહાનુભૂતિ છે. જો બીજો કોઇ ખેલાડી આમીર જેટલી પ્રતિભા ધરાવતો ન હોય તો નાની ઉંમરને કારણે એના પ્રત્યે પણ સહાનુભૂતિ દર્શાવવામાં આવી હોત? ઉંમરને આ બાબત સાથે કશું લાગતું વળગતું જ નથી. જો કોઇ ખેલાડી જાણતો ન હોય કે સારૂં શું અને ખરાબ શું તો એ ખેલાડીને માનસિક બિમારીથી ગ્રસ્ત ગણાવી શકાય. પણ ચોક્કસપણે આમીરને એવી કોઇ માનસિક બીમારી નથી.

જ્યારે સર ડોનાલ્ડ બ્રેડમેન નિવૃત્ત થયા ત્યારે ક્રિકેટ રમાતી અટકી ગઇ નહોતી. સર ગારફીલ્ડ સોબર્સે જ્યારે ક્રિકેટ છોડી ત્યારે પણ એ અટકી નહોતી. હંમેશની માફક ક્રિકેટ તો રમાતી જ રહેશે. કારણ કે ક્રિકેટ કોઇ એક વ્યક્તિ કરતાં ખુબ ખુબ મોટી છે. આથી આપણે સહાનુભૂતિને તડકે મુકીએ અને જો આ છોકરાઓ દોષિત પુરવાર થાય તો એવી તજવીજ કરીએ કે ક્રિકેટની પીચ પર બીજીવાર કદમ મુકવામાં અને એ રીતે ક્રિકેટને પ્રદૂષિત કરવામાં તેઓ સફળ ન થાય.

CEAT Cricket Rating
Participate in Auction of Cricket Memorabilia at: www.ceatcricketrating.com

પાકિસ્તાની ખેલાડીઓ જો દોષિત પુરવાર થાય તો મેદાન પર તેઓ જિંદગીભર પગ ન મૂકે એવી તજવીજ થવી જોઇએ

રાજકોટની ભારત-શ્રીલંકા વન-ડે ફિક્સ થઇ હતીઃ બૂકીનો દાવો

મુંબઇ, તા. ૪ : આંતરરાષ્ટ્રિય ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના લાંચ-રૂશ્વત વિરોધી વિભાગની ઝીણવટભરી તપાસ માં પોતે ખેલાડી બૂકિ કૌભાંડમાં સામેલ નથી તેવું નિવેદન જાળવી રાખનાર જણાવે છે કે, વર્ષ ૨૦૦૯ ૧૫ ડિસેમ્બરની ભારત-શ્રીલંકા એક દિવસીય મેચ, જે રાજકોટમાં રમાઇ હતી તે શંકાસ્પદ હતી. તેણે પી.ટી.આઇ.ને જણાવ્યું કે, (મેચ) સાફ ન હતી. બૂકી એ જણાવ્યું હતું કે શ્રીલંકા જ્યારે ૪૦૧/૫ હતું ત્યારે તેને જીતવા સાત બોલમાં વધુ ૧૪ રનની જરૂર હતી. પટંરો ભાવ નિયંત્રિત રાખવા માંગતા હતા રમતની શરૂઆતમાં ભારત ફેવરીટ હતું જ્યારે શ્રીલંકાની જીત પર સટ્ટો રમનાર ન હતા પરંતુ અંતે બધા જ ઝનૂની બન્યા હતા. આ પછી તેને તેના મોબાઇલ પર મેસેજ મળ્યો જે રાજસ્થાનના ૨૦ વર્ષિય છોકરાએ મોકલ્યો હતો. આ છોકરો થોડા જ સમય પહેલા તેના માટે કેલનરનું કામ કરતો હતો. મેસેજમાં તેણે લખ્યુ હતું બધા જ સોદા તોડી નાંખો અને કોઇ ફોન નહિ લેતા ભારત મેચ લઇ જઇ રહ્યું છે.

એસ.એમ.એસ. પાછળ કોણ હતું તે કયારેય જાણી શકાયું નથી. પરંતુ બૂકી અફવાની એકની એક વાત વારંવાર કરે છે. કે તે રાત્રે પૈસાની લેવડદેવડની થઇ હતી.

તીરદાંજી વિશ્વકપમાં ભારતીય તીરંદાજને સુવર્ણ ચંદ્રક

ફાઇનલમાં જાપાનને હરાવી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો

નવી દિલ્હી, તા. ૪ (પી.ટી.આઇ.) : શનિવારે સાંઘાઇના ચોથા તીરદાંજી વિશ્વકપના ચોથા પડાવમા જાપાનને હરાવી જયન્તા તલુકદર, તુરુન્દીપ રાઇ અને રાહુલ બેનરજીથી બનેલી ભારતીય પુરૂષ ભરદાજી ટુકડીએ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યુ છે. તથા દીપીકા કુમાળને સિલ્વર મેડલ પ્રાપ્ત થયું છે. ભારતની ઉપરોકત ત્રૂમિત્રૂએ જાપાનની ટીમના રયોટા અમાનો, તકહારુ કૂરકાવા, હિદેડી કીકૂચી ને હરાવ્યા હતા. પ્રથમ બે રાઉન્ડમાં ભારતની સ્થિતિ સારી હતી. પરંતુ ત્રીજા રાઉન્ડમાં ૫૬-૫૬ની ટાઇ સાથે જાપાને સારૂં પ્રદર્શન આપ્યું હતું.

અગાઉ વિશ્વ કપ - ૩માં યજમાન યુનાઇટેડ સ્ટેસ્ટ અમેરિકા સામે કવાર્ટર ફાઇનલમાં હારીને ખાલી હાથે પાછું આવ્યું હતું. પરંતુ આ વખતના વિશ્વકપમાં પ્રથમ રાઉન્ડમાં બ્રિટન ભારતનું શિકાર બન્યું હતું. જે કોમનવેલ્થ ગેમ્સનું પ્રબળ દાવેદાર ગણાય છે.

આ જીત સાથે જ દીપીકા અને તેલૂકદર ઇડનબર્ગ વિશ્વ કપની ૧૮ અને ૧૯મી સપ્ટેમ્બરે રમાનારી ફાઇનલમાં પ્રવેશી ચૂકયા છે. દીપીકા દોબા બેનરજી પછીની બીજી ભારતીય મહિલા બની છે. જેને વિશ્વકપની ફાઇનલમાં પ્રવેશ લીધો હોત. જ્યારે તેબુકદરે વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૯ની ફાઇનલમાં બે વખત પ્રવેશ મેળવ્યો છે. પરંતુ 'જીતવામાં નિષ્ફળતા મળી હતી. દોબા બેનરજી વર્ષ ૨૦૦૭ની ફાઇનલમાં જીતી હતી.

મહિલા હોકી વિશ્વકપમાં ભારતીય ટીમે હારવામાં હેટટ્રિક નોંધાવી

પુલ 'એ'માં જર્મની સામે ૧-૪થી હારી ભારતીય મહિલા હોકી ટીમ

રોસરીઓ (આર્જેન્ટિના), તા. ૪: (પીટીઆઇ): ભારતીય શનિવારની સાંજ હોકી વિશ્વ કપ ઝુંબેશ સતત ત્રીજી વખત પરાજીત થઇ હતી. જર્મની સામે તે ૧-૪થી પરાજિત થઇને ભારતીય ટીમે હેટ-ટ્રિક નોંધાવી છે. પુલ 'એ'માં ભારતની આ સળંગ ત્રીજી પરાજય દર્શાવે છે કે સુરિન્દર કૌરની ટુકડી હજુ પણ ટૂર્નામેન્ટમાં એકથી વંચિત છે, જેથી તે વાસ્તવમાં મંડળની હરિફાઇમાંથી બહાર જ દેખાય છે. ભારતને હરાવ્યા બાદ જર્મનીએ સેમીફાઇનલનો માર્ગ મોકળો કર્યો છે.

હવે ભારત આજે પેનલ્ટી મેચમાં જાપાનનો સામનો કરશે, જયારે જર્મની નેધરલેન્ડનો સામનો કરશે. આ દરમ્યાન પુલ 'એ'ની મેચોમાં નેધરલેન્ડે ઓસ્ટ્રેલિયાને ૪-૧થી હરાવ્યું હતું. જયારે જાપાન અને ન્યૂઝીલેન્ડ મેચ ૨-૨ સાથે ડ્રો રહી હતી.

સુપર મેગાસ્ટાર રજનીકાન્તને ચમકાવતું એકશન થ્રીલર

શિવાજી યાને ધી બોસ
સાથે છે શ્રેયા
પ્રકાશ ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

૨ જું બિનહરીફ સપ્તાહ
સુરતમાં સૌપ્રથમવાર ભોજપુરી હીટ ફિલ્મ સરળ હિન્દીમાં



દાગ
દિનેશલાલ યાદવ (એકશન હીરોમાં)
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
કૃષ્ણ (ઓરીજીનલ ડોલ્બી સ્ટીરીયો સરાઉન્ડ સાઉન્ડ)

લમું નવરંગી સફળ સપ્તાહ
૧૦૦% કરમુકત સહપરિવાર સાથે જોવા જેવું સીનેમાસ્કોપ ચિત્ર

રાધા ચુડલો પેરજે મારા નામનો
વિક્રમ ઠાકોર, મમતા સોની, ફિરોઝ ઇરાની, ભરતસિંહ રાણા, સપના, જીતુ પંડયા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
અલંકાર
સ્ટેશન રોડ - સુરત
એડ. બુકીંગ ચાલુ છે.

૫મું પવનવેગી સપ્તાહ
ગાંગાણી ફિલ્મસનું પારિવારિક ચિત્ર

મારા રૂદિયે રંગાણા તમે સાજણા
હિતુ કનોડીયા, આનંદ ત્રીપાઠી, ફિરોઝ ઇરાની
ન્યુલક્ષ્મી ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
જૈન સ્પેશ્યલ ગ્રુપ, જૈન જાગૃતિ, મહિલા મંડળો અને અન્ય સંસ્થાઓના ગૃપ બુકીંગ માટે સંપર્કઃ ૯૯૯૮૨૨૧૯૯૨
એડ. બુકીંગ થીયેટર પર ચાલુ છે